# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• **E-mail:** gpcc1234@gmail.com


---

અખબારી યાદી — તા. 01-04-2022

કોંગ્રેસ દ્વારા મોંઘવારી સામેના આંદોલન સમયે પોલીસ તંત્ર દ્વારા રાજીવ ગાંધી ભવનમાં ઘૂસી જઈને કરેલા ગેરબંધારણીય – ગેરકાયદેસર પગલા સામે રાજ્યના તમામ કોંગ્રેસ કાર્યકરો – આગેવાનો ભારોભાર આક્રોસ વ્યક્ત કર્યો હતો. ત્યારે, આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે મોટી સંખ્યામાં યુવાનો – મહિલાઓ – પદાધિકારીઓએ ભાજપ સરકારના ઈશારે કામ કરતી પોલીસતંત્ર સામે ભારે સૂત્રોચ્ચાર કર્યો હતો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર સાથે વરિષ્ઠ આગેવાન શ્રી બાલુભાઈ પટેલ, શ્રી રાજુભાઈ પરમાર, શ્રી બિમલ શાહ, શ્રી અશોક પંજાબી, ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, વરિષ્ઠ વકીલ શ્રી ઈકબાલ શેખ, શ્રી મોહનસિંહ રાજપૂત, મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી સહિતના આગેવાનો એલીસબ્રીજ પોલીસ સ્ટેશન રૂબરૂ જઈને લેખિતમાં ફરીયાદ એ.સી.પી. – પોલીસ અધિકારીને આપી હતી. સુપ્રિમકોર્ટના સ્પષ્ટ આદેશમાં કોઈપણ નાગરિકની ફરિયાદ (FIR) સ્વીકારવી ફરજિયાત છે. તેમ છતાં પોલીસના ગેરબંધારણીય પગલા સામે પોલીસ અધિકારી ફરીયાદ દાખલ કરવાની ના પાડે તો તે કેટલે અંશે વ્યાજબી ? લેખિત દલીલ છતાં પોલીસ તંત્ર દબાણ નીચે હોય તેવું સ્પષ્ટ જણાય રહ્યું છે.

આગામી દિવસોમાં જો સ્થાનિક પોલીસ એફ.આઈ.આર. નહિ નોંધે તો ઉચ્ચ કક્ષાએ કમિશ્નરશ્રી, ડીજીપી સુધી રજુઆત કરાશે અને તેમ છતાં ફરિયાદ નહિ નોંધાય તો કાનૂની રીતે લડત અપાશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા